સંદેશ - પેજ નં: 5
૧૪/૧૧/૨૫

થલતેજ ગામના લોકો ટૂંક સમયમાં ફક્ત પાંચ રૂપિયામાં જ એસજી હાઈવે પહોંચી શકશે

# થલતેજ ગામવાસીઓ આનંદો : જાન્યુઆરી ૨૦૨૫થી ઘરઆંગણેથી જ મેટ્રો ટ્રેન મળશે

## કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા ચાલી રહેલું સેફ્ટી નિરીક્ષણ





। અમદાવાદ ।

અમદાવાદ શહેરમાં આગામી વર્ષે થલતેજથી થલતેજ ગામ સુધી મેટ્રો ટ્રેન દોડતી થઇ જશે. થલતેજ ગામ સુધીના મેટ્રો રૂટનું બાંધકામ પૂર્ણ થઇ ગયું છે. સ્ટેશન પણ બનીને તૈયાર છે. હાલ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા કમ્પ્લાઈન્સીસ એટલે કે સેફ્ટીને લગતા વિવિધ માપદંડોનું ઝીણવટપૂર્વક નિરિક્ષણ કરવાની કામગીરી ચાલી રહી છે. જે પૂર્ણ થતા જ સંભવતઃ આગામી ડિસેમ્બર-જાન્યુઆરી માસમાં જ લીલી ઝંડી મળતાની સાથે જ થલતેજ ગામના લોકોને પણ મેટ્રો ટ્રેન સેવા સાથે જોડી દેવાશે. તેઓએ મેટ્રો ટ્રેન પકડવા એસજી હાઇવે સુધી લાંબા થવું નહીં પડે.

વસ્ત્રાલ ગામથી નિરાંત ક્રોસ રોડ, વસ્ત્રાલ, રબારી કોલોની, અમરાઈવાડી, એપરલપાર્ક, એપરલ પાર્ક ડિપોટ, કાલુપુર રેલવે સ્ટેશન, ઘીકાંટા, શાહપુર, જુની હાઈકોર્ટ, સ્ટેડિયમ, કોમર્સ છ રસ્તા,ગુજરાત યુનિ., ગુરૂકુળ રોડ, દુરદર્શન કેન્દ્ર, થલતેજ અને હવે થલતેજ ગામ સુધી મેટ્રો ટ્રેન ફેઝ-૧ના રૂટ સુધી દોડતી થશે. લઘુતમ ભાડુ પાંચ રૂપિયા હોવાથી થલતેજ ગામના લોકો થલતેજ એસજી હાઈવે પર ફક્ત પાંચ રૂપિયા પહોંચી શકશે.

બીજી તરફ એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ અને ત્યાંથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી મેટ્રો ટ્રેન દોડતી કરી દેવાઈ છે. ગુજરાત નેશનલ લો કોલેજથી ગીફ્ટ સિટી સુધી પણ મેટ્રો દોડાવાઈ રહી છે. હવે આગામી પ્રોજેક્ટમાં સેક્ટર-૧થી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનને લંબાવવાની કામગીરી ચાલી રહી છે. તેનું બાંધકામ ચાલી રહ્યું છે. સેક્ટર-૧થી સેક્ટર-૧૦-એ, સચિવાલય, અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ થઈને મહાત્મા મંદિર સુધીના ૭.૪ કિ.મી લાંબા રૂટનું કામ હાલ ચાલી રહ્યું છે. નોંધપાત્ર છેકે એક્ટોબર ૨૦૨૨થી લઈને ઓગસ્ટ ૨૦૨૪ સુધી ૫,૨૮ કરોડથી વધુ મુસાફરોએ મેટ્રો ટ્રેનની મુસાફરી માણી છે, જેના થકી ૬૫ કરોડથી વધુની આવક થવા પામી છે. હાલ મેટ્રો ટ્રેનમાં રોજના સવા લાખ મુસાફરો મુસાફરી કરી રહ્યા છે. મેટ્રો ટ્રેન સેવા શહેરની જાહેર પરિવહનની જીવાદોરી સમાન બની રહી છે. અમદાવાદ અને ગાંધીનગરને મેટ્રો ટ્રેનથી જોડી મુસાફરીનો સમય ઘટાડવાનો પ્રયાસ છે.